ધોરણ- 8

વિષય: સામાજિક વિજ્ઞાન

ગુણપ્રદાન યોજના

KKY સવાર

કુલગુણ- 40

9/4/19

સવાર

PART A

| | | | |
|---|---|---|---|
| 1 | A | 21 | B |
| 2 | B | 22 | B |
| 3 | C | 23 | A |
| 4 | C | 24 | A |
| 5 | B | 25 | C |
| 6 | B | 26 | B |
| 7 | A | 27 | B |
| 8 | A | 28 | A |
| 9 | C | 29 | C |
| 10 | B | 30 | C |
| 11 | A | 31 | B |
| 12 | B | 32 | B |
| 13 | B | 33 | A |
| 14 | C | 34 | A |
| 15 | C | 35 | C |
| 16 | A | 36 | C |
| 17 | A | 37 | A |
| 18 | B | 38 | A |
| 19 | C | 39 | B |
| 20 | C | 40 | B |

વિષય: સામાજિક વિજ્ઞાન

ગુણપ્રદાન યોજના

PART - B                                        કુલગુણ- 40

પ્ર-1 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો (ગમે તે ત્રણ) ---(9)

1 રામકૃષ્ણ મિશન દ્વારા સમાજમાં કયા કયા કાર્યો કરવામાં આવતા હતા?

→ રામકૃષ્ણ મિશન એક સેવા સંસ્થા છે. 'માનવસેવા એ જ પ્રભુસેવા' એ આ સંસ્થાનો મુખ્ય સિદ્ધાંત છે. આ સિદ્ધાંત અનુસાર રામકૃષ્ણ મિશન સમાજમાં ગરીબ, દુઃખી અને શોષિત લોકોની સેવા કરવામાં આવતી. આ માટે તે દેશ પરદેશમાં સમાજશિક્ષણ, તબીબી સારવાર, સમાજસેવા વગેરેને લગતી પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી. આ ઉપરાંત રોગચાળો, દુષ્કાળ, ધરતીકંપ વગેરે આપત્તિઓ વખતે મિશનના કાર્યકર્તાઓ લોકોની નિઃસ્વાર્થભાવે સેવા કરવામાં આવતી.

2 હિંદ સ્વાતંત્ર્યધારાની મુખ્ય જોગવાઈઓ કઈ કઈ હતી?

→ ① હિંદુસ્તાનનું ભારતસંઘ અને પાકિસ્તાન સંઘ એમ બે ભાગમાં વિભાજન કરી તેમને સ્વતંત્ર કરવામાં આવે છે.

② બન્ને રાષ્ટ્રો પોતપોતાનું બંધારણ ઘડીને અમલમાં મૂકશે.

③ હિંદના દેશી રાજ્યો પોતાની ઇચ્છાનુસાર ભારતસંઘ કે પાકિસ્તાનસંઘ સાથે જોડાઈ શકે છે અને જોડાવા ન ઇચ્છે તો તેમને સંપૂર્ણ સ્વતંત્ર રહેવાની છૂટ આપવામાં આવે છે.

3 ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણની આવશ્યકતા શાથી ઊભી થઈ?

→ રાષ્ટ્રીય શિક્ષણનો આરંભ એ બંગભંગના આંદોલનનું ત્રીજું મહત્વનું લક્ષણ હતું. બંગભંગના આંદોલનમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી તેમને સામૂહિક દંડ કરવામાં આવ્યો. તેમને શાળા-કોલેજમાંથી કાઢી મૂકવામાં આવ્યા. વળી આંદોલન દરમ્યાન સરકારી શિક્ષણનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આથી સરકારી શિક્ષણના વિકલ્પ તરીકે રાષ્ટ્રીય શિક્ષણની આવશ્યકતા ઊભી થઈ આથી રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થાઓ શરૂ કરવામાં આવી. ઇ.સ. 1907 માં બંગાળમાં 300 જેટલી રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ અને 25 જેટલી રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ શરૂ થઈ. રવીન્દ્રનાથ ટાગોરે ઇ.સ. 1901 માં શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાલય શરૂ કર્યું. પંડિત માલવિયાજીએ બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના કરી. આમ સરકારી શિક્ષણના બહિષ્કાર કરી યુવક વર્ગમાં રાષ્ટ્રીયતાની ભાવના વધારવા દેશમાં રાષ્ટ્રીય શિક્ષણની શરૂઆત કરવામાં આવી.

4 ચંપારણ સત્યાગ્રહ કેવી રીતે સફળ થયો?

→ ગાંધીજીએ ચંપારણના મોતીહારી ગામમાં રહીને ચંપારણના ગળીનું વાવેતર કરતા ખેડૂતોની મુશ્કેલીઓની અંગ્રેજ સરકાર સમક્ષ રજૂઆત કરી. અંગ્રેજ સરકારે ગાંધીજીની રજૂઆતનો અમલ કરવા બાંયધરી આપી. આ રીતે ચંપારણ સત્યાગ્રહ સફળ થયો.

પ્ર-2(અ) ઐતિહાસિક કારણો લખો (ગમે તે બે) ........ (6)

1 મદનલાલ ઢીંગરાને ફાંસી આપવામાં આવી.

→ ઈ.સ. 1909 માં લંડનમાં ટ્રાફાલ્ગર સ્ક્વેર ખાતે ભરબપોરે મદનલાલ ઢીંગરાએ વિલિયમ વાયલીની ગોળી મારીને હત્યા કરી હતી. તેથી મદનલાલ ઢીંગરાની ધરપકડ કરી. તેમને ફાંસી આપવામાં આવી.

2 ગાંધીજીએ દાંડીકૂચ કરી.

→ અમદાવાદમાં મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિએ પૂર્ણ સ્વરાજ મેળવવા માટે ગાંધીજીને સવિનય કાનૂનભંગની લડત શરૂ કરવાનો અધિકાર આપ્યો. તેથી ગાંધીજીએ નવસારી જિલ્લાના દાંડી ગામના દરિયાકિનારે જઈ મીઠાના કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.

મીઠાના કાયદાનો સવિનય ભંગ કરવા ગાંધીજીએ પોતાના 78 સાથીઓ સાથે 12 માર્ચ 1930ના રોજ અમદાવાદના સાબરમતી આશ્રમથી નવસારી જિલ્લાના દાંડી ગામના દરિયાકિનારા સુધીની પદયાત્રા યોજી. તેમની આ ઐતિહાસિક યાત્રા 'દાંડીકૂચ' તરીકે પ્રસિદ્ધ છે.

3 મહાગુજરાત ચળવળ શરૂ કરવામાં આવી.

→ કેન્દ્ર સરકારે રાજ્ય પુનઃરચનાપંચના અહેવાલને માન્ય કરીને ચાર રાજ્યો રદ કર્યા અને 14 રાજ્યો તથા 6 કેન્દ્રશાસિત પ્રદેશોની પુનઃરચના કરી એ વખતે મુંબઈ અને પંજાબ રાજ્યોની રચના ભાષાના ધોરણે કરવામાં આવી નહોતી. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં મરાઠી અને ગુજરાતી એમ બે ભાષાભાષી વિસ્તારો હતા.

ભારતની સંસદે જે દિવસે દ્વિભાષી રાજ્યનો ઠરાવ પસાર કર્યો તે દિવસે જ અમદાવાદની લૉ કૉલેજના વિદ્યાર્થીઓની સભામાં 'પગલાં સમિતિ' રચવામાં આવી. વિદ્યાર્થીઓએ ગુજરાતના અલગ રાજ્યની રચના માટે સ્વયંભૂ દેખાવો શરૂ કર્યા. ધીમે ધીમે આંદોલન ઉગ્ર બન્યું. જે મહાગુજરાતની ચળવળના નામે જાણીતું બન્યું. આમ, દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ગુજરાતના અલગ રાજ્યની રચના કરવા માટે મહાગુજરાત ચળવળ થઈ.

(બ) ટૂંકનોંધ લખો (ગમે તે એક) ---------- (3)

1 સ્વામી દયાનંદ સરસ્વતી :-

સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી પાસેના ટંકારા ગામમાં થયો હતો. તેમનું મૂળનામ મૂળશંકર હતું. નાની ઉંમરમાં ગૃહત્યાગ કરી તેમણે સંન્યાસ લીધો અને દયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું. મથુરામાં સ્વામી વિરજાનંદ પાસે તેમણે વેદો અને અન્ય હિન્દુશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો. તેમણે સમગ્ર ભારતમાં પ્રવાસ કરી લોકોને 'વેદો તરફ પાછા વળો' નો ઉપદેશ આપ્યો. તેમણે લોકોને મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતા વગેરે અનિષ્ટોનો ત્યાગ કરવા જણાવ્યું. તેમણે 'સત્યાર્થ પ્રકાશ' નામનો ગ્રંથ લખી સાબિત કર્યું કે વેદોમાં આમાના કોઈપણ અનિષ્ટનો ઉલ્લેખ નથી.

સ્વામી દયાનંદ સરસ્વતીએ એકેશ્વરવાદનો બોધ આપ્યો. તે હિન્દી ભાષામાં ભાષણો આપતા હતા. તેથી તેમના વિચારો પ્રજાના વિશાળ સમુદાય સુધી પહોંચી શક્યા. તેમણે ઈ.સ. 1875માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી. ધર્માંતર કરાયેલા હિન્દુઓને હિન્દુધર્મમાં પુનઃપ્રવેશ માટે આર્યસમાજે 'શુદ્ધિ આંદોલન' ચલાવી. એક મહાન સુધારક તરીકે સ્વામી દયાનંદ સરસ્વતીનું નામ ઈતિહાસમાં અમર બન્યું છે.

2 હિંદ છોડો આંદોલન :-

અંગ્રેજોને હિન્દમાંથી હાંકી કાઢીને પૂર્ણ સ્વરાજ મેળવવા માટે ઈ.સ. 1942માં ગાંધીજીએ હિન્દ છોડોની આંદોલન શરૂ કરી.

ગાંધીજીએ અંગ્રેજોને ચેતવણી આપી કે, તમે તાત્કાલિક ભારત છોડી દો. તેમણે દેશના લોકોને આદેશ કર્યો કે તેઓ "કરેંગે યા મરેંગે" (Do or Die) ના સિદ્ધાંત પર અંગ્રેજ વિરુદ્ધ અહિંસક સંઘર્ષ કરે. મુંબઈમાં મળેલી કોંગ્રેસ મહાસમિતિની બેઠકમાં 8 ઓગષ્ટ 1942 ની રાત્રે "અંગ્રેજો હિંદ છોડો" નો ઐતિહાસિક ઠરાવ પસાર કરવામાં આવ્યો.

અંગ્રેજ સરકારે 9 ઓગસ્ટની વહેલી સવારે ગાંધીજી, સરદાર પટેલ, જવાહરલાલ નહેરુ અને મૌલાના આઝાદ સહિત કોંગ્રેસના અગ્રણી નેતાઓની ધરપકડ કરી અને તેમને જેલમાં પૂર્યા. આનાથી પ્રજાનો રોષ ફાટી નીકળ્યો. 'હિંદ છોડો' નું આંદોલન દેશભરમાં ફેલાઈ ગયું. ઠેરઠેર હડતાલો પડી. સમગ્ર ભારતમાં સભાઓ, સરઘસો અને દેખાવો થયા. આ આંદોલનમાં જુવાનો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા. દેશમાં હિંસક તોફાનો ફાટી નીકળ્યા. લોકોએ સરકારી મકાનો અને તાર-ટેલિફોનના

માધ્યમોને ભારે નુકસાન પહોંચાડ્યું. અંગ્રેજ સરકારે સામૂહિક ધરપકડો, જપ્તી અને જેલ જેવી દમનની નીતિ દ્વારા 'હિંદ છોડો' ની ચળવળને દબાવી દેવા પ્રયત્નો કર્યા. પરંતુ તે આ ચળવળને દબાવી શક્યા નહિ. આથી સરકારને ખાતરી થઈ કે હવે ભારતને વધુ સમય પરાધીન રાખવાનું શક્ય નથી.

પ્ર-3(અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો (ગમે તે પાંચ)...(10)

1 ઉત્સવો અને વિજયની ઉજવણીમાં કઈ પ્રવૃત્તિથી ધ્વનિ પ્રદૂષણ થાય છે?

→ ઉત્સવો અને વિજયની ઉજવણીમાં મોટા લાઉડસ્પીકરો, બેન્ડવાજાં, ઢોલ અને વાજિંત્રો વગાડવાથી તેમજ મોટા પ્રમાણમાં ફટાકડા ફોડવાથી ધ્વનિ પ્રદૂષણ થાય છે.

2 આફ્રિકામાં અનાજ અને કઠોળ ઉપરાંત કયા કયા પાકો થાય છે?

→ આફ્રિકામાં અનાજ અને કઠોળ ઉપરાંત ચા, કોફી, કોકો, રબર, તમાકુ, શેરડી, લવિંગ, ભાતભાતના ફળફૂલ અને શાકભાજી, કપાસ, તેલીબિયાં વગેરે પાકો થાય છે.

3 સાક્ષરતા એટલે શું?

→ 6 વર્ષથી વધુ ઉંમરની જે વ્યક્તિ કોઈપણ એક ભાષા વાંચી-લખીને સમજી શકતી હોય તેને સાક્ષર કે અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ ગણવામાં આવે છે.

4 મોંઘવારી કોને કહેવાય?

→ જીવનજરૂરિયાતની વિવિધ ચીજવસ્તુઓ તેમજ અન્ય વસ્તુઓના ભાવવધારાને 'મોંઘવારી' કહેવાય

5 ભારતના પાડોશી દેશોના નામ જણાવો.

→ પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ચીન, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ અને મ્યાનમાર ભારતની જમીનસીમા પર અડીને આવેલા પાડોશી દેશો છે. જ્યારે શ્રીલંકા અને માલદીવ ભારતીય ઉપખંડમાં આવેલા અન્ય પાડોશી દેશો છે.

6 'વસ્તી ગણતરી' નો અર્થ જણાવો.

→ કોઈપણ દેશ કે વિસ્તારની સમગ્ર વસ્તી સંબંધી વિધિવત માહિતી નિયત સમયાંતરે મેળવીને તેની નોંધણી કરવાની બાબતને વસ્તી ગણતરી કહે છે. ભારતમાં કેન્દ્ર સરકારના આદેશથી પ્રતિ દસ વર્ષે વસ્તી ગણતરી થાય છે.

પ્ર-૩

(અ) ટૂંકનોંધ લખો (ગમે તે એક) ........................ (૩)

1 હવાનું પ્રદૂષણ :-

આજે પાણીની જેમ હવાના પ્રદૂષણે પણ જગતમાં મોટી સમસ્યા ઊભી કરી છે. દરેક શહેરો અને કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ પ્રકારના ઉદ્યોગો વિકાસ પામ્યા છે. ઉદ્યોગોમાંથી અને પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનોમાંથી છોડવામાં આવતા ગેસ અને ધુમાડાથી હવાનું પ્રદૂષણ થાય છે. કોલસો, કેરોસીન, ડીઝલ, પેટ્રોલ વગેરે બળતણોથી હવામાં ધુમાડો અને નાઇટ્રસ ઓક્સાઇડ ઉપરાંત કાર્બન મોનોક્સાઇડ, સલ્ફર ડાયોક્સાઇડ, બેન્ઝોપાયરીન, કાર્બન ડાયોક્સાઇડ વગેરે હાનિકારક વાયુઓ ભળે છે. જેથી હવામાં તેમનું પ્રમાણ વધી ગયું છે. જંગલો મોટા પ્રમાણમાં કપાવાથી વનસ્પતિ ઓછી થતાં હવામાં ધૂળના રજકણો અને $CO_2$ નું પ્રમાણ વધવા લાગ્યું છે તેના લીધે ગ્લોબલ વોર્મિંગ જેવી મોટી સમસ્યા ઊભી થઈ છે.

હવાના પ્રદૂષણથી ગળા અને ફેફસાંની બીમારી તથા દમ અને હાંફણ જેવા રોગો થાય છે. હવામાં ઊડતા ધૂળના રજકણોથી શરદી અને ઉધરસ જેવા રોગો થાય છે.

હવાને પ્રદૂષિત કરતા $SO_2$, નાઇટ્રોજન ઓક્સાઇડ વગેરે વાયુઓ વરસાદ સાથે ભળતા એસિડનો વરસાદ થાય છે. જે વનસ્પતિ અને પ્રાણીઓને મોટું નુકસાન કરે છે.

હવાનું પ્રદૂષણ અટકાવવા ઉદ્યોગો અને વાહનોને ધુમાડો અને ઝેરી વાયુઓને ફિલ્ટર કરતા સાધનોનો ઉપયોગ કરવાની ફરજ પાડવી જોઈએ. પેટ્રોલ-ડીઝલનો ખૂબ મર્યાદિત ઉપયોગ કરવો જોઈએ વાહનોમાં CNG અને LPG જેવા પ્રદૂષણમુક્ત બળતણો વાપરવાં જોઈએ. અને PUC નો કડક અમલ કરાવવો જોઈએ જંગલો અને વનસ્પતિનું પ્રમાણ વધારવું જોઈએ.

2 ભ્રષ્ટાચારની અસરો :-

- માનવ અધિકારોનો ભંગ થાય છે.
- રાષ્ટ્રનો વિકાસ અવરોધાય છે.
- નૈતિક મૂલ્યોનો હ્રાસ થાય છે.
- મોંઘવારીને પોષણ મળે છે.
- કાયદાકાનૂન પ્રત્યે વિશ્વાસ ઘટે છે અને અસમાનતા પોષાય છે.
- માનવીય વિશ્વાસ અને શ્રદ્ધા ઘટે છે

પ્ર-4 નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં જવાબ લખો (નાગરિકતા) -(6)

1 સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય અંગો ક્યા ક્યા છે?

→ ① સામાન્ય સભા ② સલામતિ સમિતિ
③ આર્થિક અને સામાજિક સમિતિ ④ વાલીપણા સમિતિ
⑤ ન્યાયની આંતરરાષ્ટ્રીય અદાલત ⑥ સચિવાલય

2 આપણા દેશમાં ન્યાયતંત્રમાં ન્યાય આપવા માટે કેવી વ્યવસ્થા છે?

→ આપણા દેશમાં ન્યાયતંત્રમાં ન્યાય આપવા માટે તાલુકાની અદાલતો, જિલ્લાની અદાલતો, વડી અદાલતો અને સર્વોચ્ચ અદાલત એમ એકાંગી અને સુગ્રથિત ન્યાય વ્યવસ્થા છે.

3 'આર્થિક ઉદારીકરણ'ની નીતિ અનુસાર શું કરવામાં આવ્યું?

→ 'આર્થિક ઉદારીકરણ'ની નીતિ અનુસાર ઉદ્યોગ, વેપાર અને ધંધાને લગતાં કેટલાંક નિયંત્રણો દૂર કર્યાં, કરવેરા ઘટાડ્યા, વસ્તુઓની આયાત-નિકાસમાં કેટલાક ફેરફાર દાખલ કર્યા તેમજ નવા ઉદ્યોગો સ્થાપવા માટે મંજૂરીની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી.

4 'નિષેધાધિકાર (વીટો પાવર)' એટલે શું? તેનું મહત્વ શું છે?

→ 'નિષેધાધિકાર (વીટો પાવર)' એટલે સલામતી સમિતિના પાંચ કાયમી સભ્યોનો નકારાત્મક મત આપવાનો અસાધારણ અધિકાર. આ અધિકાર ધરાવતા પાંચ કાયમી સભ્યરાષ્ટ્રો પૈકી કોઈપણ એક સભ્ય રાષ્ટ્ર 'નકારાત્મક મત' આપે તો નિર્ણય કે ઠરાવ પસાર થઈ શકતો નથી.

જગદીશભાઈ મકવાણા
કસ્તૂરબા કન્યા વિદ્યાલય (ઉ.મા.વિ.)
આણંદ